## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




આને ડોક્ટર બનવા મોકલ્યો હતો.. સારૂ થયું સરકાર આને પાછો લઈ આવી... બાકી એ લોકો તેને સોલ્જર બનાવી દેત....!!!



સફાઈકર્મીઓના પડતર પ્રશ્નો બાબતે ગુજરાત સફાઈ કામદાર મહામંડળ દ્વારા આંદોલન કરવામાં આવી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી ઉપવાસ પર ઉતરેલા સફાઈકર્મીઓની મુલાકાત કોંગ્રેસના ધારાસભ્ય નૌશાદ સોલંકી, ચંદનસિંહ ઠાકોર, ઋત્વિક મકવાણાએ લીધી હતી અને તેમને પારણા કરાવાયા હતા. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર તેમજ કોંગ્રેસના આગેવાનો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ નીમાબેન આચાર્યએ કચ્છી સંસ્કૃતિની ઝલક દર્શાવતુ એક ચિત્ર તેના કાર્યાલયમાં લગાવ્યુ છે.
- વિધાનસભાના સભ્ય ડૉ. આશાબેન પટેલને શ્રદ્ધાંજલિ આપતાં મહિલા અધ્યક્ષ ડૉ. નીમાબેન થોડાક ભાવુક થયા હતા.
- કોંગી ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા તંત્રની કનડગતોને વાચા આપવા લખાણ સાથેનું એપ્રન પહેરી ગૃહમાં આવ્યા હતા.
- વિરામના સમયમાં પૂર્વ મુખ્યમંત્રી અને પૂર્વ મંત્રીઓને મળી સભ્યોએ ખબર-અંતર પુછ્યા હતા તો વિપક્ષના સભ્યોએ ‘‘ગોવિંદભાઈ આગે બઢો...’’ના સૂત્રોચ્ચાર કર્યા હતા.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૧૧ અને ૧૨ માર્ચની સૂચિત ગુજરાત મુલાકાતને લઈ મુખ્ય સચિવે ખાસ બેઠક યોજી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે નોંધાયેલા કોરોનાના કેસો સાથે ૭૦થી ઓછા દર્દીઓ એક્ટીવ કેસ સારવાર હેઠળ છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલ નજીક મેડીકલ કોલેજના ઓડિટોરિયમમાં આજે વિશ્વ જન્મજાત ખામી ધરાવતા બાળકો અને વિશ્વ શ્રવણ દિવસની વિશેષ ઉજવણી કરવામાં આવનાર છે.
- મનપાના કાયમી સફાઈ કામદારોના પડતર પ્રશ્નો અંગે તાકીદે મિટીંગ યોજવા સફાઈ-કામદાર યુનિયને મેયરને પત્ર લખ્યો છે.
- શહેર-જિલ્લામાં ગરમીનું પ્રમાણ વધતાં જ વીજ માંગમાં વધારો થવા પામ્યો છે.






ગાંધીનગર મહાનગરપાલિકાની ટેક્ષ શાખા દ્વારા ગત સપ્તાહથી મિલકતવેરા વસુલાતની ઝુંબેશ અંતર્ગત હાલ સીલીંગની કામગીરી ચાલુ છે. જેમાં સેક્ટર-૨૫, ૨૬ તથા ૨૮ના જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલ મોટા બાકીદારો પૈકીના ૩૦ વાણિજ્યક એકમોમાં રૂબરૂ સીલીંગની કામગીરી કરતા ૧૦ વાણિજ્યક એકમો સીલ કરવામાં આવેલ તેમજ અન્ય વાણિજ્યક એકમો પાસેથી રૂ.૩૬ લાખ જેટલી વસુલાત મેળવેલ છે. ગાંધીનગર મહાનગરપાલિકાની ટેક્ષ શાખા દ્વારા સીલીંગની ઝુંબેશ તા.૩૧/૦૩/૨૦૨૨ સુધી ચાલુ રહેનાર છે. જેથી બાકીદારોને સત્વરે બાકી મિલકતવેરો ભરી જવા અત્રેથી અપીલ કરવામાં આવે છે.

# ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો યુવા સાંસદ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૩

વિશ્વ ગુરૂ ભારતની શાનદાર ઊર્જાવાન યુવા શક્તિ, જ્ઞાન, વિજ્ઞાન, સભ્યતા, સંસ્કૃતિ, લોકતંત્ર અને વિકાસમાં સૌથી આગળ છે. ભારતીય યુવાઓએ હંમેશા વીરતા, સાહસિક કાર્ય, સંશોધન, સેવા અને બલિદાનના અનેક કિર્તીમાન સ્થાપિત કર્યા છે. ભારતીય યુવાનોએ પોતાના પ્રાણોની આહુતિ આપીને માત્ર ભારતને જ આઝાદ કરાવ્યુ છે, પરંતુ નિરંતર સંઘર્ષ અને સેવાના માધ્યમથી પોતાના લોકતંત્રને સમૃદ્ધ, મજબૂત કર્યુ છે.

વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ભારત સરકારના યુવા પ્રવૃત્તિ તેમજ રમતગમત મંત્રાલય દ્વારા તૃતીય રાષ્ટ્રીય યુવા સંસદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રાષ્ટ્રીય યુવા સંસદનો અભિનવ મંચ દેશના વિદ્યાર્થીઓ અને બીન વિદ્યાર્થીઓ યુવાઓને વિવિધ પ્લેટફોર્મ્સ પર પોતાની સ્થાનિક પર્યાવરણીય વાસ્તવિકતાને વ્યક્ત કરવાની તક આપે છે, બીજી તરફ, રાષ્ટ્રીય યુવા સંસદ યુવાઓને વિકસિત અને પ્રતિબિંબિત કરવાનો મોકો આપે છે. ભારત સરકારની યોજનાઓ સ્થાનિક લોકો સુધી પોતાના વિચાર રાખવાની તક પ્રદાન કરે છે. જેનાથી સામાન્ય જનતાને દેશના વિકાસાત્મક પ્રયાસો અને યોજનાઓની જાણકારી મળે છે.

આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ડો. સુરિન શાહ, સિલ્વર ઓક યુનિવર્સિટી, શ્રી કુંતલ નિમાવત-પત્રકાર, નિલમબેન પંચાલ, ગુજરાત યુનિવર્સિટી, ડો. ખુશ્બુબેન દવે-પ્રોફેસર, સન શાઈન ગ્રૂપ, રાજકોટ અને ધર્મેશભાઈ કાપડિયા, પ્રાચાર્ય, ભક્ત આશ્રમ હાઈસ્કુલે રાજ્ય સ્તર પર સર્વસંમતિથી પ્રથમ દ્વિતિય તેમજ તૃતિય ઉમેદવારોની સંખ્યા આ પ્રકારે ઘોષિત કરવામાં આવી. ૧) હિરપરા નિખર ભૂપેન્દ્રભાઈ-ગીર સોમનાથ જિલ્લામાંથી પ્રથમ ક્રમે ૨) કુ. પ્રેરણા પાટિલ, દાદરા નગર તેમજ હવેલી જિલ્લાથી બીજા ક્રમે અને ૩) કુ. તાન્યા બ્રહ્મભટ્ટ - આણંદ જિલ્લામાંથી ત્રીજા ક્રમે રહ્યા.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન ગાંધીનગરના રાજ્ય નિદેશક શ્રીમતી મનીષાબેન શાહના માર્ગદર્શનમાં કરાયું હતું. જેમાં શ્રી ગિરધર ઉપાધ્યાય, પ્રાદેશિક નિદેશક, એન એસ એસ અને તેમની ટીમનો આ કાર્યક્રમને સફળ બનાવવામાં પૂરેપૂરો સહયોગ રહ્યો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પંકજ મારેચા, જિલ્લા યુવા અધિકારી, નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગર અને શ્રી અનુજ દહિયા ગાંધીનગરે કર્યુ.

અંતમાં મનીષાબેન શાહે રાજ્ય સ્તર પર તમામ વિજયી ઉમેદવારોને અભિનંદન આપ્યા અને તમામ અતિથિઓ અને નિર્ણાયકોનો આભાર માન્યો હતો.



શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ પ્રથમ શ્રીસ્વામિનારાયણ મંદિર કાલુપુરની સ્થાપનાના ૨૦૦ વર્ષ પૂર્ણ થતા આજ રોજ અડાલજ ખાતે ભાવિ ગાદીપતિ પરમ પૂજ્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી નેતૃત્વ હેઠળ વાર્ષિક મહોત્સવ ઉજવાયો. આ ઉત્સવમાં ગાંધીનગર મહાનગરપાલિકાના માન. મેયર શ્રી હિતેષ મકવાણા તથા માન. ડે. મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ ઉપસ્થિત રહ્યા અને ભગવાન સ્વામિનારાયણના દર્શન કરી, સંતો-મહંતોના આશીર્વાદ મેળવ્યા.

# સત્યનિષ્ઠ મોરારજી દેસાઈનો જન્મ દિવસ સાદરામાં ઉજવાયો



ગાંધીનગર, તા. ૨

વલસાડ જિલ્લાના ભદેલી ગામના ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન, ગુજરાત વિદ્યાપીઠના ચોથા કુલપતિ, ગ્રામસેવા સંકુલ-સાદરાના સ્થાપક એવા મોરારજીભાઈ દેસાઈનો જન્મદિવસ સરદાર ઉપાસના મંદિરમાં ઉજવાયો.

ડૉ. મોતી દેવુએ મોરાજી દેસાઈની જીવન ઘટમાળાઓનું વિગતવાર વર્ણન કર્યુ. સંકુલ સંયોજક પ્રા. રમેશ પટેલે પ્રાત્સાવિક ભૂમિકામાં મોરારજી દેસાઈની શિસ્ત, સમયપાલન અને સ્વાશ્રયી જીવનની વાત કરી. પ્રાધ્યાપક ડૉ. દિવ્યેશ ભટ્ટે આભાર દર્શન કર્યુ.




મહાશિવરાત્રીના પાવન અવસરે બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા મુખ્ય આરતી અને અમૃત મહોત્સવનું આયોજન કુડાસણ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે મેયર હિતેશ મકવાણા, ગાંધીનગર મહાનગર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ, કોર્પોરેટરો અને ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજસ્થાનથી સગાઈમાં આવેલા જમાઈ અને પરિવારને સાસરીપક્ષના સભ્યોએ માર માર્યો

## ચિલોડા પોલીસ મથકે સામે સામે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૨

રાજસ્થાન થી ગાંધીનગર વલાદ ખાતે સગાઈ પ્રસંગે આવેલા જમાઈ અને તેના પરિવારને સાસરીપક્ષના સભ્યોએ લાકડી તેમજ ગડદાપાટુનો માર માર્યો હતો. ગાંધીનગર આવ્યાને ચાર થી પાંચ દિવસનો સમયગાળો થતા રાજસ્થાન જવાની વાત કરતા મામલો બિચક્યો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજસ્થાન બાડમેરના ધોરીમન્ના ખાતે રહેતા ૨૨ વર્ષિય દેવારામ હુકારામ સાંશી કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે. દેવારામના લગ્ન ગાંધીનગર ગણેશપુરા ભઠ્ઠા વિસ્તાર વલાદ ખાતે રહેતા સુલતાનસિંહ જાડેજાની દિકરી અંજલી સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેમને ૬ માસનો દિકરો પણ છે.જયારે ગત તા.૨૪ ફેબ્રુઆરીના રોજ માસા મહેન્દ્રસિંહ રાઠોડના દિકરા-દિકરીની સગાઈ પ્રસંગ હોવાથી હાજરી આપવા માટે દેવારામ પત્ની તેમજ પરિવાર સાથે ગણેશપુરા કરાઈ ખાતે આવ્યા હતા. જયારે દેવારામના સસરાનું મકાન પણ નજીકમાં છે. સગાઈમાં પૂર્ણ થઈ ગયા બાદ દેવારા મ સાસરીમાં ગયા હતા. ત્યારે તેઓએ લાયબ્રેરી અને કલાસ શરુ હોવાથી રાજસ્થાન જવા માટે કહ્યુ હતું. તે સમયે દેવારામની પત્ની અંજલીએ બે ત્રણ દિવસ રોકાઈ જવાની વાત કરી હતી. પતિ-પત્નિ વાત કરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક તેમનો સાળો સંજય આવી પહોંચ્યો હતો અને કહ્યું કે ‘‘તારે જવુ હોય તો જા, અંજલી અહીં જ રોકાશે’’ આ વાત મુદ્દે ગરમાગરમી થતા સંજયે ઉશ્કેરાઈને ગાળાગાળી કરી દેવારામને ગડદાપાટુ મારી રહ્યો હતો. તે સમયે તેનું ઉપરાણુ લઈને તેની પત્ની મનિષા, સાસુ કમળાબેન, સસરા સુલતાનસિંહ લાકડી વડે માર માર્યો હતો. દેવારામને બચાવવા તેમના માતા-પિતા અને બે ભાઈઓ વચ્ચે પડી વધુ મારમાંથી છોડાવ્યા હતા. ત્યારે ચિલોડા પોલીસ મથકે દેવારામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજીતરફ દેવારામના સાસુ કમળા બેને ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે કે જમાઈ દેવારામ તેમના પિતા હુકમારામ, માતા ભાનકીબેન તેમજ દિકરા રાહુલે મારી દિકરી અંજલીને રાજસ્થાન તેડી જવા મુદ્દે બોલાચાલી કરી હતી.ત્યારબાદ કમળાબેનના દિકરા સંજયને હાથ પર લાકડી મારી અમારી સાથે ગાળાગાળી કરી ગડદાપાટુનો માર માર્યો હતો. જેથી પોલીસે પણ આ મુદ્દે વધુ તપાસ હાથ ધરી છે.

### વાહનના નિકાલ માટેની જાહેર નિવિદા

ટેન્ડર નં.૧/૨૦૨૨-cof-sx4

મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૦, ત્રીજો માળ, ગાંધીનગર હસ્તકનું વાહન MARUTI SX4 જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં નિકાલ કરવાનું છે. ઉક્ત વાહનને કચેરીના પાર્કીંગમાં રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતી પાર્ટીઓ વાહનનું નિરીક્ષણ કરી તા. ૨૮/૨/૨૦૨૨ થી તા. ૮/૩/૨૦૨૨ સુધીમાં કચેરીના કામકાજના સમય દરમિયાન ટેન્ડર ફોર્મ ફી રૂ. ૩૦૦/- રોકડેથી ભરી વાહનના નિકાલ માટેનું ટેન્ડર કમ હરાજીનું ફોર્મ અને તેની શરતો અને બોલીઓ મેળવી શકશે. વાહનની અપસેટ રૂ. ૧.૦૦ લાખે છે. માંગણી મુકનાર દરેક ઈસમે તેની માંગણી સાથે E.M.D. તરીકે રૂપિયા ૧૦,૦૦૦/-ની રકમનો ડી.ડી. સીલબંધ કવરમાં મોકલવાનો રહેશે.

નાયબ મત્સ્યોદ્યોગ નિયામક
(ઈજર) ગાંધીનગર

માહિતી/૩૧૮૦/૨૧-૨૨

### કાયદા વિભાગની ગાડીની જાહેર હરાજી

કાયદા વિભાગ બ્લોક નં. ૪/૧, સરદાર ભવન, ગાંધીનગર હસ્તકની નીચે જણાવેલ ગાડી તા. ૧૯/૪/૨૦૨૨ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે હરાજીથી વેચવાની છે.

| ક્રમ | મોડેલ | ગાડી નંબર | મોડેલ વર્ષ | નક્કી થયેલ અપસેટ કિંમત |
|---|---|---|---|---|
| ૧ | મારૂતી સુઝુકી (SX4) પેટ્રોલ | નં.-જીજે-૧૮-જી-૫૨૧૨ | ૨૦૧૧ | રૂ. ૫૦,૦૦૦/- |

- આ ગાડીની હરાજીમાં ભાગ લેવા માટે રૂ. ૮,૦૦૦/- ડીપોઝીટ કાયદા વિભાગની રોકડ શાખામાં રોકડેથી તા. ૧૮/૪/૨૦૨૨ના બપોરના ૧૩-૦૦ કલાક સુધીમાં ભરવાની રહેશે.
- ગાડી સરદાર ભવન પાર્કીંગમાં છે. જે ચાલુ કામકાજના દિવસે જોઈ શકાશે.
- હરાજી અંગેની અન્ય શરતો કાયદા વિભાગની વેબસાઈટ http://legal.gujarat.gov.in પર જોઈ શકાશે.
- વધુ માહિતી કાયદા વિભાગની મહેકમ શાખા (ક-શાખા)નો સંપર્ક કરવો.

સહી/-
(શૈલેષ મજમુદાર)
સેક્શન અધિકારી
કાયદા વિભાગ

માહિતી/૩૩૦૧/૨૧-૨૨

